Toronto Community Housing

# 'ટેવિસ' એ શું છે?

- 'ટેવિસ' એ **ટોરોન્ટો એન્ટી-વાયોલન્સ ઇન્ટરવેન્શન સ્ટ્રેટેજી (ટોરોન્ટો હિંસા-વિરોધી મધ્યસ્થીની વ્યૂહરચના)** છે જે જનસમુદાયને, હિંસા ઓછી કરવા બાબતે, જાગૃત અને પ્રવૃત્ત બનાવવા માટેની એક સઘન અને સચોટ પહેલ છે જેનાથી ટોરોન્ટોનાં ક્ષેત્રોને વધુ સુરક્ષિત બનાવી શકાશે.
- 'ટેવિસ'ની આગેવાની ટોરોન્ટો પોલિસ સર્વિસ કરે છે. તેના ભાગીદારોમાં ટોરોન્ટો કોમ્યુનિટી હાઉસિંગ, તેમ જ ટોરોન્ટો શહેરનાં વિભાગો જેવાં કે પાર્ક્સ, ફોરેસ્ટ એન્ડ રીક્રિએશન અને ટોરોન્ટો પબ્લિક હેલ્થ,સોશિયલ ડેવલપમેન્ટ અને ફાઇનાન્સ એન્ડ એડમિનીસ્ટ્રેશન, ટોરોન્ટો ઓફીસ ઓફ પાર્ટનરશીપ,તથા બીજાઓનો સમાવેશ થાય છે.

## તે કેવી રીતે કામ કરે છે?

- 'ટેવિસ' ત્રણ તબક્કાઓમાં વહેંચાયેલ છે:
  1) હિંસાત્મક પ્રવૃત્તિઓમાં વધારો અનુભવતા હોય તેવા ક્ષેત્રોમાં વધારાના ટોરોન્ટો પોલિસ સર્વિસ ઓફિસરોને તબદિલ કરવામાં આવે;
  2) એક વાર વિસ્તાર સલામત બની જાય પછી તેના નિભાવનું ધોરણ જાળવી રાખવા માટેનો અમલ પોલિસ, શહેર અને સમાજના સભ્યોના સતત સહકારથી ચાલુ રાખવામાં આવે; અને
  3) આ યોગ્યતા ધરાવ્યા પછી તે ક્ષેત્રને મદદ તરીકે 'સામાન્ય' કાયદાકિય વ્યવસ્થાની જાળવણી પૂરી પાડવી.
- 'ટેવિસ'નો એક મહત્વપૂર્ણ ભાગ છે, સમાજના લોકોનો તેમાં સક્રિય સમાવેશ. ગુનાઓના મૂળ કારણોની સાથે વધુ અસરકારક રીતે કામ પાડવામાં તે નીતિ મદદરૂપ થઇ પડે છે.
- 'ટેવિસ'ની સફળતા કેટલી ધરપકડ થાય છે તેના પર આધારિત નથી. તેનો આધાર ગુનાખોરીમાં ઘટાડો, જનતાના વિશ્વાસ અને આત્મવિશ્વાસમાં વધારો તેમ જ હિંસાથી ત્રસ્ત જનસમુદાયો વચ્ચે સંબંધોની સ્થાપના પર છે.

## શું મારા વિસ્તારમાં મને 'ટેવિસ'ના ઓફિસરો જોવા મળશે?

- 'ટેવિસ' એ આખા શહેરને માટેની વ્યૂહરચના છે અને તેના ઓફિસરો ટોરોન્ટોના કોઇ પણ વિસ્તારોમાં જ્યાં હિંસાત્મક ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો અનુભવાતો હોય ત્યાં જોવા મળી શકે છે.

## 'ટેવિસ' ની 'વિસ્તાર દીઠ પહેલ' એ શું છે?

- છેલ્લા ત્રણ વર્ષથી, ઉનાળાનાં મહિનાઓમાં, જ્યાં હિંસાનું ઘણું જ વધારે પ્રમાણ જોવામાં આવે છે તેવા ક્ષેત્રોમાં વધારાનાં 'ટેવિસ' ઓફિસરો મુકવામાં આવે છે. આ ઉનાળામાં પોલિસના 23મા ડીવીઝનના એલ્બિયન-ફીંચ ક્ષેત્રને, 31મા ડીવીઝનના જેન-ફીંચ ક્ષેત્રને અને 43મા ડીવીઝનના સ્કારબરો વિલેજ ક્ષેત્રને ચુંટવામાં આવ્યા છે.
- આ ક્ષેત્રોને તેમના ગંભીર અપરાધો તરફના વલણના અભ્યાસ, તેવી ઘટનાઓના ગ્રાફ તથા લોકોની સાથેની વાતચીત પરથી પસંદ કરવામાં આવ્યા હતા. આ ક્ષેત્રોને ચુંટવાનું કારણ હતું તેમના વિસ્તારના પ્રમાણમાં વધુ પડતી ગુનાહિત પ્રવૃત્તિઓનો તેમનો અનુભવ.

'ટેવિસ' વિષે વધુ માહિતી મેળવવા માટે ટોરોન્ટો પોલિસ સર્વિસના કોઇ પણ પોલિસ સ્ટેશનનો 416-808-2222 પર સંપર્ક કરો, અથવા સાર્જંટ જેફ પીયર્સન, ટોરોન્ટો પોલિસ સર્વિસ 'ટેવિસ' કોઓર્ડીનેટરને 416-808-7736 પર, બ્રેન્ડન નોલન, સીટી ઓફ ટોરોન્ટો, સોશિયલ ડેવલપમેન્ટ, ફાઇનાન્સ એન્ડ એડમિનીસ્ટ્રેશનને 416-392-5398 પર, કે જેફ ફેરિયર, ટોરોન્ટો કોમ્યુનિટી હાઉસિંગને 416-981-4252 પર સંપર્ક કરો.

*Gujarati translated version*